ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ક્રિશીવ એમ પરમાર

## પુસ્તક પ્રાપ્તિ

ગત માસ દરમિયાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જે સાભાર સ્વીકારીએ છીએ.





**મનનાં મોરપિચ્છ**

**લેખક : અનિલા શાહ અને આસ્થા શાહ**

**પ્રકાશક : જાહ્નવી પ્રકાશન, ગાંધીનગર**

બંને યુવા લેખિકાઓ દ્વારા અછાંદસ કાવ્યો અને વિવિધ વિષયો પરત્વે પોતાના મનના વિચારો, તેને અનુરૂપ ખ્યાત કવિઓની પંક્તિઓ સમાવતું ઊર્મિસભર પુસ્તક.

**કિંમત : રૂા. ૩૦૦.૦૦**





**સાગર મુવીટોન**

**લેખક : બીરેન કોઠારી**

**પ્રકાશક : સાર્થક પ્રકાશન, અમદાવાદ**

પહેલી ગુજરાતી ફિલ્મ સહિત છ ભાષામાં સિત્તેરથી પણ વધુ ફિલ્મો બનાવનારા ગુજરાતી ઉદ્યોગ-સાહસિક ચીમનલાલ દેસાઈના જીવનના ચઢાવ-ઉતાર અને ભારતીય ફિલ્મઉદ્યોગમાં તેમના નોંધપાત્ર પ્રદાનની કથા વર્ણવતું પુસ્તક.

**કિંમત : રૂા. ૯૦૦.૦૦**




**વિદ્યાર્થી ઔર તનાવ**

**લેખક : અરવિંદ રાણા**

**પ્રકાશક : દર્શન યોગ મહાવિદ્યાલય, તલોદ**

આજના વિદ્યાર્થી અભ્યાસ અને પરીક્ષા બાબતે તણાવગ્રસ્ત જોવા મળે છે. આ પુસ્તકમાં તણાવની સમસ્યા માટે ઠોસ અને વ્યવસ્થિત નિદાનની જાણકારી આપવામાં આવી છે.

**કિંમત : રૂા. ૨૫.૦૦**




**શિક્ષક અને કેળવણી**

**લેખક : ડો. સંતોષ દેવકર**

**પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ**

શિક્ષક અને કેળવણી અંગે લેખકનાં મંતવ્યો સહિત દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકો, કેળવણીકારની વાતો સમાવતું પુસ્તક.

**કિંમત : રૂા. ૨૦૦.૦૦**

### સંસ્કાર ગ્રૃપ દ્વારા

# રાજ્ય સ્થાપના દિવસની માર્ગદર્શક ઉજવણી








ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી તો વ્યક્તિગત, સંસ્થાગત કે સરકારી રાહે સૌએ કરી પરંતુ ગાંધીનગરનાં થોડા સંવેદનશીલ બાળકો અને વાલીઓએ આ ઉજવણી યાદગાર અને માર્ગદર્શક રીતે કરી હતી. સંસ્કાર ગ્રૃપના બૅનર તળે આ બાળકો, વાલીઓએ સૅક્ટર-૭ના બગીચામાં ફરી આખાય બગીચામાં વિખરાયેલો પ્લાસ્ટીકનો કચરો એકત્ર કર્યો હતો. નગરજનો જ્યારે રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીમાં કે સોશિયલ મીડિયા પર રાજ્ય પ્રત્યેનો પ્રેમ છલકાવવામાં મગ્ન હતા ત્યારે આ બાળકો, વાલીઓએ રાજ્યના એક જાહેર સ્થાનને પ્લાસ્ટીક મુક્ત કરવાનું અભિયાન ચલાવ્યું હતું. સાતેક કિલોગ્રામ પ્લાસ્ટીકનો કચરો આખાય બગીચામાંથી વીણીને, તેનો નિકાલ યોગ્ય કરીને આ બાળકોએ રાજ્યના નાગરિકો માટે માર્ગદર્શક કાર્ય કરી બતાવ્યું હતું. એટલું જ નહીં, આ કાર્ય બાદ પુષ્પ દ્વારા વૃક્ષ સુશોભન જેવી સર્જનાત્મક પ્રવૃત્તિ અને ત્યારબાદ ૫૭ દીપોના પ્રાગટ્યથી રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી પણ તેમણે હાથ ધરી હતી. એ પછી ગુજરાતની સંસ્કૃતિ અને તેના મહાનુભાવો અંગે વિદ્યાર્થીઓએ વાર્તાલાપ પણ હાથ ધર્યો હતો.

# શ્રી હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે મંગળવારે નૃસિંહ જયંતી ઉજવાશે



ગાંધીનગર, તા. ૬

શ્રી નૃસિંહ જયંતિ એ નૃસિંહ ભગવાનના અવતરણ કે જેઓ અર્ધ સિહં અને અર્ધ માનવ તરીકે, ભગવાનશ્રી કૃષ્ણના અવતારરૂપે, પોતાના ભક્ત શ્રી પ્રહલાદને તેના રાક્ષસરૂપી પિતા હિરન્યકશ્યપ સામે રક્ષણ આપવા અવતર્યા હતા તેની યાદગીરીરૂપે ઉજવવામાં આવે છે.

હિરન્યકશ્યપને બ્રહ્મા દેવ દ્વારા વિશેષ વરદાન પ્રાપ્ત થયું હતુ કે તેનો વધ કોઈ પણ મનુષ્ય, દેવ, પશુ કે બીજા કોઈ જીવ ના કરી શકે, ના કોઈ હથિયાર તેને ભેદી શકે, ના તો દિવસ દરમ્યાન કે ના તો રાત્રી સમયે તેનો વધ થઈ શકે. આથી અર્ધ સિંહ અને અર્ધ માનવરૂપે તેનો સંહાર કરવા ભગવાનશ્રી નૃસિંહરૂપે અવતર્યા હતા અને બ્રહ્મદેવે આપેલ વરદાનને અનુસરતા પોતાના નખ દ્વારા સંધ્યા સમયે તેનો સંહાર કર્યા હતો. વૈશાખ માસમાં શુકલ ચતુર્દશીએ સંધ્યા સમયે શ્રી નૃસિંહ ભગવાન અવતર્યા હતા. આ દિવસે ભક્તો સંધ્યા સમય સુધી ઉપવાસ રાખે છે.

આ દિવસે હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણી અંતર્ગત સંધ્યા સમયે ઉત્સવ મૂર્તિઓ શ્રી શ્રી લક્ષ્મીનૃસિંહ ભગવાનને ભવ્ય અભિષેક અર્પણ કરવામાં આવશે. અભિષેક દરમ્યાન પંચગવ્યા, પંચામૃત, પવિત્ર જળ, ઔષધિયજળ, ચંદનનું જળ, ફળોના રસ, અને હળદર સાથે જળને મિશ્રિત કરીને ભગવાનની પ્રસન્નાર્થે આ બધા દ્વારા અભિષેક કરવામાં આવશે. ભક્તો દ્વારા શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ ખાસ સ્તુતિ કે જેનું ઉચ્ચારણ પ્રહલાદ મહારાજ દ્વારા ભગવાન નૃસિંહને હિરન્યકશ્યપના વધ બાદ તેમને સાંત્વના આપવા માટે ઉચ્ચારવામાં આવી હતી તેનું પઠન કરવામાં આવશે. ભવ્ય આરતી કરવામાં આવશે. સાત પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભગવાનશ્રીનો અભિષેક કરવામાં આવશે જે દરમ્યાન ભકતો ઋગવેદમાં વર્ણવેલ પુરુષસૂક્તનું ગાન કરશે. દુષ્ટતા સામે સમાજનું રક્ષણ કરવા માટે નૃસિંહ યજ્ઞ કરવામાં આવશે. રાત્રીના ૮.૧૫ વાગે મહામંગલા આરતી અને પાલકી ઉત્સવ યોજાશે. અભિષેક બાદ ભગવાનશ્રીને છપ્પન પ્રકારના ભોગ ધરવામાં આવશે. પછી શયન આરતી અને પાલકી ઉત્સવ થતા ઉજવણી તેની પરિકાષ્ઠાએ પહોંચશે. મંદિર દ્વારા સૌ ભાવિક ભક્તોને આ ઉજવણીમાં સામેલ થવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભારત દેશનાં સૌથી સ્વચ્છ ૫૦ શહેરોમાં રાજ્યનાં ૧૨

## દેશનાં સૌથી વધુ સ્વચ્છ શહેરો ગુજરાતનાં : સુરત ૪થા, વડોદરા ૧૦મા અને અમદાવાદ ૧૪મા ક્રમે

ગાંધીનગર, તા. ૬

ભારતીયોએ મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને સૌથી સ્વચ્છ શહેર તરીકે પસંદ કર્યું છે, જ્યારે ઉત્તર પ્રદેશનું ગોંડા સૌથી ગંદુ શહેર ગણાવ્યું છે. દેશના ૪૩૪ શહેરોમાં મધ્યપ્રદેશનું જ ભોપાલ બીજા ક્રમ પર રહ્યું છે. ત્રીજા ક્રમે આંધ્રપ્રદેશનું વિશાખાપટ્ટનમ છે, જ્યારે આપણા ગુજરાતનું સુરત ચોથા ક્રમ પર રહ્યું છે. વડોદરા ૧૦મા ક્રમ પર રહ્યું છે. અમદાવાદ ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મા ક્રમ પર રહ્યું હતું. ગાંધીનગર ૨૦મા ક્રમ પર રહ્યું હતું. ટોચના ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૧૨ શહેરોનો સમાવેશ છે. ગુજરાતના રાજકોટ સિવાયના તમામ શહેરોએ તેમનો ક્રમ સુધાર્યો છે. પશ્ચિમ બંગાળે આ સર્વેમાં ભાગ લીધો ન હતો. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુએ સ્વચ્છ શહેરોની વિગતો જાહેર કરતા કહ્યું હતું કે ૧૮ લાખ લોકોએ છ પ્રશ્નોના જવાબ આપ્યા હતા, જેને આધારે શહેરોને ક્રમ આપવામાં આવ્યો હતો. ડુપ્લિકેટ ફીડબેકને બાકાત કરી દેવાયા હતા. સમગ્ર રીતે સર્વેમાં ૩૭ લાખ લોકોના મંતવ્યો લેવાયા હતા. જે ૪૩૪ શહેરોને સર્વેમાં સમાવાયા હતા, તેમાં દેશની ૬૦ ટકા શહેરી વસતી રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંસદીય ક્ષેત્ર વારાણસી 'સ્વચ્છ સર્વેક્ષણ'ની આ યાદીમાં મોટો કૂદકો લગાવીને ૩૨મા ક્રમ પર આવી ગયું છે. ગયા વર્ષે ૬૫મા ક્રમ પર હતું અને ૨૦૧૪માં ૪૧૮મા ક્રમ પર હતું. છેલ્લાં બે વર્ષથી ટોચના ક્રમ પર રહેતું કર્ણાટકનું મૈસુર કે મૈસુરુ આ વર્ષે પાંચમા ક્રમ પર રહ્યું હતું. જોકે નાયડુએ કહ્યું હતું કે મૈસુરુમાં સ્વચ્છતાનું પ્રમાણ ઘટ્યું તેવો તેનો અર્થ નથી. પરંતુ અન્ય શહેરોએ મૈસુરુ કરતાં વધારે સ્વચ્છતા કેળવી છે. ટોચના ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૧૨ શહેરોનો સમાવેશ છે. મધ્યપ્રદેશના ૧૧ શહેરો અને આંધ્રના આઠ શહેરો ટોપ-૫૦માં છે. બીજી તરફ સૌથી ગંદા ૫૦ શહેરોમાં ૫૦ ટકા શહેરો ઉત્તર પ્રદેશના છે.

# ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ભાડે આપવા માટે ટેન્ડર

ગાંધીનગર, તા. ૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કન્વેન્શન સેન્ટર અને યુનિવર્સિટી ગ્રાઉન્ડ નવેસરથી ભાડે આપવા માટે ઓનલાઈન ટેન્ડર જાહેર કરી દેવાયા છે. ઓનલાઈન ટેન્ડરમાં કન્વેન્શન સેન્ટર માટે ઓછામાં ઓછો ભાવ ૧૧ કરોડ રૂપિયા નક્કી કરાયો છે. આગામી દિવસોમાં આટલા ભાવ ભરનારી એજન્સીને ઓનલાઈન ટેન્ડર ખોલ્યા બાદ કન્વેન્શન સેન્ટર ભાડા પેટે આપવામાં આવશે. આ સેન્ટર નવેસરથી ભાડા પેટે આપવા માટે નવી શરતો પણ તૈયાર કરવામાં આવી છે જેમાં યુનિવર્સિટીને જરૂર પડે ત્યારે ઓછામાં ઓછા વર્ષમાં ૧૨ દિવસ માટે કોઈપણ પ્રકારના ચાર્જ વગર ઉપયોગ કરવા માટે આપવુ તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.

યુનિવર્સિટીની કન્વેન્શન સેન્ટર છેલ્લા પાંચ વર્ષથી વાર્ષિક ૮.૫ કરોડ રૂપિયાના ભાડા પેટે ગાંધી એસોસીએટને આપવામાં આવ્યુ છે. આગામી ૩૧મી મેના રોજ આ કોન્ટ્રાક્ટ પુરો થઈ રહ્યો છે ત્યારે હવે નવેસરથી આ કન્વેન્શન સેન્ટર ભાડા પેટે આપવા માટે ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. ગાંધી એસોસીએટને ભાડે પેટે અપાયુ ત્યારે કરાયેલા નિયમોમાં આ વખતે અનેક પ્રકારના ફેરફાર કરવામાં આવ્યા છે. ટેન્ડરની બેઝ પ્રાઈઝ ૧૧.૫ કરોડ રૂપિયા રાખવામાં આવી છે.

એટલે કે જે એજન્સી આ કન્વેન્શન સેન્ટર ભાડા પેટે લેવા તૈયાર થાય તેઓએ ૧૧.૫ કરોડ કરતાં વધુ રકમ ભરવી પડશે. આ ઉપરાંત ભાડે લેનારી એજન્સી કોઈપણ પ્રકારનું કાયમી બાંધકામ કરી શકશે નહી જો કાયમી બાંધકામ કરે અને તેનાથી ભાડાની આવક ઉભી થાય તેમ હોય તો આવકની અડધી રકમ યુનિવર્સિટીને આપવી પડશે. આ ઉપરાંત દરવર્ષે કોન્ટ્રાક્ટનું મુલ્યાંકન કરવામાં આવશે. યુનિવર્સિટીની બાંધકામ સમિતિ એજન્સીએ કોઈ ગેરકાયદે કબજો કે બાંધકામ કર્યુ નથી તેની ચકાસણી કરશે. સૌથી મહત્વની શરત એવી નક્કી કરવામાં આવી છે કે હવે પછી જે એજન્સી આ સેન્ટર ભાડા પેટે લેશે તેઓએ ૧૨ દિવસ યુનિવર્સિટી માંગે ત્યારે સમગ્ર સેન્ટર અને જમીન પણ ઉપયોગ માટે આપવાની રહેશે. આગામી પાંચ વર્ષ માટે જે એજન્સીને સેન્ટર ભાડાપેટે આપવામાં આવશે તેમણે યુનિવર્સિટીની બાંધકામ સમિતિ સાથે પરામર્શ કરીને કામગીરી કરવી પડશે.

### રાજ્ય શિક્ષણ બૉર્ડ અને બાયસૅગના

# શૈક્ષણિક કાર્યક્રમોથી રાજ્યના વિદ્યાર્થીઓ લાભાન્વિત

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની કૉલેજીસ અને ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક તથા પ્રાથમિક વિભાગના તજ્જ્ઞ શિક્ષકો દ્વારા વિષય પ્રમાણે દૂરવર્તી શિક્ષણ બાયસૅગના માધ્યમથી આપવામાં આવે છે, જેનો મોટો ફાયદો વિદ્યાર્થીઓને મળી રહ્યો છે.

વંદે ગુજરાત ચૅનલ દ્વારા પ્રસારિત આ શૈક્ષણિક કાર્યક્રમોનો હેતુ વિદ્યાર્થીઓ ટૅકનોલૉજીના માધ્યમથી સુંદર શિક્ષણ પ્રાપ્ત કરે તેવો છે. ઉલ્લેખનીય છે કે બાયસૅગ ચૅનલ એ હવે શાળાઓ પૂરતી મર્યાદિત નથી રહી. હવે તો બાળકો ઘરે પણ આ ચૅનલ નિહાળે છે. આ ઉપક્રમનો ફાયદો એ થયો છે કે અગાઉ રજાઓમાં બાળકો ટીવી, ફિલ્મ વગેરે જોતાં હતાં, હવે તેઓ ટીવી પર નિયમિત શૈક્ષણિક કાર્યક્રમો નિહાળતાં થયાં છે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર દ્વારા બાયસૅગના તમામ કાર્યક્રમો વિષય નિષ્ણાત શિક્ષકો પાસે રૅકોર્ડ કરાવાય છે. કાર્યક્રમનું ટાઈમ ટેબલ પણ અગાઉથી જ નિયત કરીને જાહેર કરી દેવામાં આવે છે, જે કારણે સંબંધિત વિદ્યાર્થીઓ સંબંધિત કાર્યક્રમ અચૂક નિહાળી શકે.

આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને તજ્જ્ઞ શિક્ષકોના શિક્ષણકાર્યનો લાભ મળી રહ્યો છે, વિદ્યાર્થીઓની જાણવાની, શીખવાની ભાવના વધી છે, અભ્યાસમાં વિદ્યાર્થીઓનો રસ અને ઋચિ વધી છે, દશ્ય-શ્રાવ્ય માધ્યમથી મળેલું શિક્ષણ સારી રીતે અને લાંબો સમય યાદ રહે છે, વિદ્યાર્થીઓની વિષય પરત્વેની સમજ વધુ દઢ બની છે અને વિવિધ વિષયોની સમજ તેમને સરળ શૈલીમાં બાયસૅગથી મળી રહી છે, વિદ્યાર્થીઓ ઈન્ફર્મેશન ટૅકનોલૉજીનો ઉપયોગ વધુ કરવા માંડ્યા છે અને સૌથી મોટો ફાયદો એ કે તેમની પરીક્ષાનાં પરિણામોમાં દેખીતો સુધારો જોવામાં આવી રહ્યો છે.

જૂન, ૨૦૧૬માં ધોરણ-૯, ૧૧ માટે નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો ત્યારે આ કાર્યક્રમોની મહત્તા લોકોને સારી પેઠે સમજાઈ ગઈ હતી અને એ જ રીતે જૂન, ૨૦૧૭માં ધોરણ-૧૦ અને ૧૨નો નવો અભ્યાસક્રમ આવી રહ્યો છે ત્યારે પણ આ કાર્યક્રમો કેટલા મહત્ત્વના છે એ સૌને સમજાઈ જશે. નવા અભ્યાસક્રમ માટે બૉર્ડ દ્વારા બ્લૂ પ્રિન્ટ, ગુણભાર અને પરિરૂપ તૈયાર થઈ ગયાં છે અને નવા અભ્યાસક્રમ મુજબ કાર્યક્રમનો રૅકોર્ડિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે એવા સમાચાર પ્રાપ્ત થયા છે. નિઃશંકપણે શિક્ષણ બૉર્ડ અને બાયસૅગ આ કાર્યક્રમો માટે અભિનંદનના અધિકારી છે. એમના આ સ્તુત્ય પ્રયાસોની સફળતા ત્યારે જ સિદ્ધ થશે જ્યારે રાજ્યના સૌ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમોનો લાભ લેતા હશે. એ માટે ન માત્ર શૈક્ષણિક સંસ્થાઓ પરંતુ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વતંત્ર, સજાગ વ્યક્તિઓ પણ પ્રયાસ કરે તે જરૂરી છે.



## ડાયરેક્ટ ❤ સે

દશા તમારી
અંતિમ ક્ષણોમાં
કંઈક આમ હોવી જોઈએ
સ્વાગત માટે તમારા
સ્વર્ગમાં પણ
દોડધામ હોવી જોઈએ

# ચિરાગ જાની ઍમફિલ થયા



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના રહેવાસી ચિરાગ શરદકુમાર જાનીએ ઍમફિલનો અભ્યાસ ગૉલ્ડ મૅડલ મેળવવા સાથે પૂર્ણ કર્યો છે.

સી યુ શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર દ્વારા ચિરાગ જાનીના થિસીસ 'એ સ્ટડી ઑન સોશિયલ કોસ્ટ બેનીફિટ ઍનાલિસીસ રિલેટેડ ટુ નૉન કમ્યુનિકેબલ ડિસીઝ ફૉર ગવર્મેન્ટ હૅલ્થ સ્કીમ્સ, વિથ રૅફરન્સ ટુ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ઑફ ગુજરાત સ્ટેટ'ને માન્ય રાખીને તેમને ઍમફિલની ઉપાધિ આપવામાં આવી છે. આ અભ્યાસ તેમણે ડિસ્ટીંક્શન સાથે પૂર્ણ કર્યો છે ને તેમને એ માટે ગૉલ્ડ મૅડલ પણ પ્રાપ્ત થયો છે. નગરના શિક્ષણ વર્તુળ તરફથી ચિરાગ જાનીને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્કીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્કીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫

**સ્કીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦

**સ્કીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્કીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**